સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,આહવા ,જિ .ડાંગ .
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત સંલગ્ન (**સ્થાપના**: જુન- 1983 )
આચાર્યશ્રી -**Email: gaccahwa@gmail.com** ફોનનં220265-02634.(O)

**તા.૧૦/૧૦/૨૦૨૩**

# 'સ્ટાર્ટઅપ વિકાસ માટે વાતાવરણ નિર્મિતિ' થીમ ઉપર એક દિવસીય વર્કશોપ નો અહેવાલ

અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, આહવા ડાંગ ખાતે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી સ્કીમ Student Startup & Innovation Policy હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં કોલેજને અનુદાન આપવામાં આવેલ છે. જે અંતર્ગત SSIP 2.0 સમિતિ દ્વારા સંસ્થાના વડા આચાર્યશ્રી ડૉ. યુ. કે. ગાંગુર્ડે સાહેબની અધ્યક્ષતામાં 'સ્ટાર્ટઅપ વિકાસ માટે વાતાવરણ નિર્મિતિ' થીમ ઉપર એક દિવસીય વર્કશોપ તા. ૧૦ ઓકટોબર ૨૦૨૩ રોજે યોજાઇ. આ કાર્યક્રમમાં સદર કોલેજના રસ ધરાવતા B.A./B.Com ના ૧૯૨ જેટલા વિદ્યાર્થીઓએ નોંધણી કરી હતી જેમાંથી ૯૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુચારું સંચાલન SSIP સમિતિના કો-ઓર્ડીનેટર પ્રા. આશુતોષ કરેવાર સાહેબે કર્યું હતું.

વર્કશોપના પ્રથમ સેશનની શરૂઆત દીપપ્રાગટ્યથી થઈ હતી. મેહમાનશ્રીઓ અને વક્તાશ્રીઓનું શાબ્દિક સ્વાગત પ્રા. વિનોદ ગવળી સરે કર્યું હતું અને પછી પુષ્પગુચ્છથી મેહમાનશ્રીઓ અને વકતાશ્રીઓનું સ્વાગત કરાયું હતું. પ્રા. આશુતોષ કરેવારે કોલેજની SSIP સમિતિ વિષે અને સરકારની યોજના ટૂંકમાં માહિતી આપી. વર્કશોપના બીજા સેશનમાં આ વર્કશોપના પ્રથમ વક્તા તરીકે ડાંગના સફેદ મુસળીની ખેતી કરનાર સફળ ખેડૂત શ્રી. જયેશભાઈ મોકાશીએ વનૌષધી યુક્ત સફેદ મુસળીની ખેતી પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને વધુમાં પોતાના અનુભવો પણ રજૂ કર્યા હતા. તેમજ આર્થિક ઉપાર્જન અને સ્વાવલંબન માટે મુસળીની ખેતી હાલના સમયમાં શ્રેષ્ઠ છે તે સમજાવ્યું. બીજા વક્તાશ્રી નિલેશભાઈ ભિવસન EDII સંસ્થા વતી પધાર્યા હતા જેમને ડાંગ જિલ્લામાં ઔદ્યોગિક સાહસિકતા અને મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHG) વિશેની વિગતસર માહિતી આપી હતી. અને કોલેજના નવયુવાનો અને યુવતીઓ પોતાની રોજગારીની તકો કઈ રીતે ઊભી કરી શકે જે વિશેની PPT સહિત રસપ્રદ વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્રીજા વિષય નિષ્ણાંત શ્રી જગદીશભાઇ ગાયકવાડ જેઓ (AKRSP) આગાખાન NGO માંથી પધાર્યા હતા. જેમને યુવા જંકશન(YUVA JUNCTION) યોજનામાં યુવાઓ જોડાઈને ટ્રેનિંગ, કોઉન્સેલિંગ અને પ્લેસમેન્ટ થકી ઉદ્યોગ સાહસિકતા કેળવી શકે જે અંગેની રસપ્રદ PPT સહિત રજુવાત કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંસ્થાના વડા આચાર્યશ્રી ડૉ. યુ. કે. ગાંગુર્ડે દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન વિશે માહિતગાર થાય તથા તેમનામાં રહેલ શારીરિક અને માનસિક કુશળતાનો વિકાસ થાય. તે હેતુ સર માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. તેમજ વિદ્યાર્થી નવયુવાનો અને યુવતીઓ કોલેજના નામથી સંગઠન બનાવીને સાહસિકતાનો પ્રયાસ કરે એવું આહવાન કર્યું હતુ. તેમને

ડાંગની ભૂમિમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટેની ક્ષમતા અને પ્રતિભા વારસા માં જ મળેલી છે તે પ્રાકૃતિક ખેતીના વિવિધ દાખલાઓ સહિત સમજાવ્યું. વિદ્યાર્થીઓને જે પણ નાની મોટી નોકરી અથવા વ્યવસાય મળે તે સ્વીકારીને આગળ વધવાનું ઉદ્બોધન કર્યું હતુ. કાર્યક્રમના અંતે પ્રા.પરેશ ટી. લાલૈયાએ આભારવિધિ કરી હતી. રાષ્ટ્રગાન સાથે સમગ્ર કાર્યક્રમ સફળ રીતે યોજાયો હતો.

**SSIP સમિતિ**

પ્રા. આશુતોષ વિ. કરેવાર (SSIP Co-ordinator)

પ્રા. પરેશ ટી. લાલૈયા (સભ્ય)

પ્રા. વિનોદ ગવળી (સભ્ય)

વર્કશોપ અંગેના ફોટોગ્રાફ્સ














